Surat Municipal Corporation
e-Magazine
Issue 8
July 1, 2005

## મેલેરીયા વિરોધી માસ નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ

ભારત સરકારશ્રીનાં આરોગ્ય મંત્રાલય દ્વારા દર વર્ષે જુન માસને મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. તેના અનુક્રમે સુરત મહાનગરપાલિકાના ફાઈલેરીયા મેલેરીયા ખાતા દ્વારા જૂન–૨૦૦૫ દરમ્યાન વિવિધ કાર્યક્રમો જેવા કે, રેલીનું આયોજન, બેનર્સ ડીસ્પલે, હેન્ડબીલ વિતરણ વિગેરેનું આયોજન કરેલ છે. સ્થાનિક પ્રજામાં મેલેરીયા અટકાયત માટે મોટા પ્રમાણમાં લોક સહકાર મળી રહે તે હેતુથી આ કાર્યક્રમો રાખવામાં આવેલ છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## મોડલ ટાઉન રોડ પર પેવર બ્લોક બનાવવામાં આવશે

પૂણા કુંભારીયા રોડ પર આઈ માતા ચોકથી લીંબાયત ખાડી પુલ સુધી રોડના બન્ને સાઈડ ફૂટપાથની જેમ પેવર બ્લોક બનાવવામાં આવશે. આ માટે મહાનગરપાલિકાએ રૂા.૨૧ લાખ ૪૧ હજાર મંજુર કરેલ છે. લીંબાયત ઝોનના ડે.ઈજનેરશ્રીએ જણાવ્યું છે કે લીંબાયત ઝોનમાં મોડલ ટાઉન રોડ જ એક માત્ર રોડ છે. કે જયાં બન્ને તરફ પેવર બ્લોક બનાવવામાં આવશે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## મરજાન શામીનો રોજા



મરજાન શામી વટલાયેલો મુસ્લીમ હતો. તે ખ્વાજા સફર સલમાની (ખુદાવંદખાન)ના લશ્કરનો નાયક હતો.ઈ.સ. ૧૫૫૯–૬૦માં દમણના ગવર્નર ગાર્સીયાને હાથે તે હણાયો હતો. તેના શબને સુરત લાવીને ખુદાવંદખાનના રોજાની બાજુમાં દફનાવવામાં આવેલો. મરજાન શામી અને ખુદાવંદખાનના રોજા મુગલસરાઈથી વરીયાવી બજાર તરફ જતાં રસ્તા ઉપર આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## મેલેરીયા વિરોધી માસ નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ

ભારત સરકારશ્રીનાં આરોગ્ય મંત્રાલય દ્વારા દર વર્ષે જુન માસને મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. તેના અનુક્રમે સુરત મહાનગરપાલિકાના ફાઈલેરીયા મેલેરીયા ખાતા દ્વારા જૂન–૨૦૦૫ દરમ્યાન વિવિધ કાર્યક્રમો જેવા કે, રેલીનું આયોજન, બેનર્સ ડીસ્પલે, હેન્ડબીલ વિતરણ વિગેરેનું આયોજન કરેલ છે. સ્થાનિક પ્રજામાં મેલેરીયા અટકાયત માટે મોટા પ્રમાણમાં લોક સહકાર મળી રહે તે હેતુથી આ કાર્યક્રમો રાખવામાં આવેલ છે. આજના વિદ્યાર્થીઓ આવતી કાલનું ભવિષ્ય હોય, તેમણે પણ મેલેરીયા અટકાયત બાબતે જાણકારી લેવી જરૂરી છે. જેથી આજ રોજ તા.૨૪–૬–૨૦૦૫ નાં રોજ નગર પ્રાથમિક શાળા નં. ૩૮/૩૯, કડીવાલા હેલ્થ સેન્ટરની બાજુમાં, સગરામપુરા ખાતે સવારે ૧૦–૦૦ કલાકથી ૧૨–૦૦ કલાક  દરમ્યાન એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. નિબંધનો વિષય "મેલેરીયાના મચ્છરની આત્મકથા" હતો. જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત કેન્દ્ર નંબર ૧, ૩, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૭,૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૩૨, ૩૪, ૩૫ અને ૩૬માં આવતી નગર પ્રાથમિક  શાળાના ધોરણ ૫, ૬ અને ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી કુલ ૩૭ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. નિબંધનો સમય ૨ કલાકનો રાખવામાં આવેલ અને અંદાજીત ૨૦૦ થી ૩૦૦ શબ્દોમાં આ નિબંધ લખવાનો હતો. નિબંધની તપાસણી કરી દસ દિવસ પછી ઈનામની જાહેરાત કરવામાં આવશે. વિજેતાઓ માટે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ રાખેલ છે. જયારે ૧૦ આશ્વાસન ઈનામ રાખવામાં આવેલ છે.

નિબંધ સ્પર્ધામાં શાળાના આચાર્યા શ્રી મતિ ગંગાબેન એચ. રોહિત, આસી. જંતુનાશક અધિકારી–સાઉથ ઈસ્ટઝોન અને ઈ.ચા.જંતુનાશક અધિકારી શ્રીજે. બી. પવાર, આસી. જંતુનાશક અધિકારી–નોર્થઝોન શ્રી જે.પી. વાઘડીયા તથા ફાલેરીયા–મેલેરીયા વિભાગના કર્મચારીઓ હાજર રહેલ.   નિબંધ સ્પર્ધા બાદ આસી. જંતુનાશક અધિકારી–સાઉથ ઈસ્ટઝોન અને ઈ.ચા.જંતુનાશક અધિકારી શ્રીજે. બી. પવારે મેલેરીયા રોગ અને તેને અટકાવવા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આસી. જંતુનાશક અધિકારી–નોર્થઝોન શ્રી જે.પી. વાઘડીયાએ મેલેરીયા રોગનો ઈતિહાસ અને સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી મેલેરીયા નિયંત્રણ કામગીરીમાં વિદ્યાર્થી તથા શિક્ષકો કઈ રીતે મદદરૂપ થઈ શકે તે અંગે માહિતી આપી હતી. ત્યારબાદ ઉપસ્થિત શિક્ષકો અને વિદ્યાર્થીઓને મચ્છરનાં પોરા, એનોફિલીસ, એડીસ તથા કયુલેકસના પુખ્ત મચ્છરનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવેલ. મચ્છર દ્વારા ફેલાતાં વિવિધ રોગો અને તેના લક્ષણો તથા તેના અટકાયત અંગે લેવા જોગ પગલાં વિષે માહિતી દર્શાતી હમ દ્વારા વિડીઓ પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. તદઉપરાંત ઘરની આજુબાજુ પાણીનો ભરાવો ન થવા દેવો જઈએ. ઘરની પાણીની ટાંકી અને અન્ય પાણી ભરેલા પાત્રો હવાચુસ્ત ઢાંકણ વડે બંધ રાખવા જોઈએ, તથા મેલેરીયા રોગ નિયંત્રણ માટે સુરત મહાનગરપાલિકાને પુરતો સહકાર આપવા સૌને જણાવવામાં આવેલ.

સ્પર્ધાને અંતે સુરત મહાનગરપાલિકા દ્વારા  બાળકોને પ્રોત્સાહન પણ આપવામાં આવેલ.

TOP

## મોડલ ટાઉન રોડ પર પેવર બ્લોક બનાવવામાં આવશે

પૂણા કુંભારીયા રોડ પર આઈ માતા ચોકથી લીંબાયત ખાડી પુલ સુધી રોડના બન્ને સાઈડ ફૂટપાથની જેમ પેવર બ્લોક બનાવવામાં આવશે. આ માટે મહાનગરપાલિકાએ રૂા.૨૧ લાખ ૪૧ હજાર મંજુર કરેલ છે. લીંબાયત ઝોનના ડે.ઈજનેરશ્રીએ જણાવ્યું છે કે લીંબાયત ઝોનમાં મોડલ ટાઉન રોડ જ એક માત્ર રોડ છે. કે જયાં બન્ને તરફ પેવર બ્લોક બનાવવામાં આવશે. આઈ માતા ચોકથી શારદા વિદ્યાલય, વાટીકા ટાઉનશીપ થઈ લીંબાયત ખાડી પૂલ સુધી ફુટપાથની જેમ પેવર બ્લોક બનાવવામાં આવશે કે જયાં ચાલતા રાહદારીઓને આવવા–જવા માટે સરળતા રહેશે. સીટીલાઈટ રોડથી મહારાજા અગ્રસેન ભવન તરફ રોડ ઉપર પણ પેવર બ્લોક ફૂટપાથ બનાવવા માટે મહાનગરપાલિકાએ ૬ લાખ ૧૮ હજાર રુપીયા મંજુર કરેલ છે.

TOP

## મરજાન શામીનો રોજા



મરજાન શામી વટલાયેલો મુસ્લીમ હતો. તે ખ્વાજા સફર સલમાની (ખુદાવંદખાન) ના લશ્કરનો નાયક હતો.ઈ.સ. ૧૫૫૯–૬૦માં દમણના ગવર્નર ગાર્સીયાને હાથે તે હણાયો હતો. તેના શબને સુરત લાવીને ખુદાવંદખાનના રોજાની બાજુમાં દફનાવવામાં આવેલો. મરજાન શામી અને ખુદાવંદખાનના રોજા મુગલસરાઈથી વરીયાવી બજાર તરફ જતાં રસ્તા ઉપર આવેલ છે. રોજાઓનું સમગ્ર મકાન અમદાવાદી ઢબે ઈન્ડો–ઈરાનીયન પધ્ધતિએ બંધાયેલું છે. તેના ઉત્તમ કોતરણીવાળા સ્થંભો સંપૂર્ણ હિન્દુ–જૈન કલાનો ખ્યાલ આપે છે.

TOP